## ડાયરેક્ટ ❤ સે

પરિણિત સ્ત્રીઓ દ્વારા
બોલાતું જુઠાણું -
મારે એમને પૂછવું પડે
અને પરિષિત પુરુષો દ્વારા
બોલાતું જુઠાણું -
એમાં એને શું પૂછવાનું !

## જન્મદિને વધામણી



**ધનંજય આર. જોષી**
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



**પ્રા. રમેશભાઈ મ પટેલ**
મો. ૯૪૨૮૨ ૧૭૬૮૨



**મોક્ષિત નિશાંત સુતરિયા**
મો. ૯૪૨૯૦ ૬૦૬૦૪

# એસ કે પટેલ સ્કૂલમાં શિક્ષક દિવસ ઉજવાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે.પટેલ કે. જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીનીઓએ સાડી અને ડ્રેસ તેમજ વિદ્યાર્થીઓએ ફોર્મલ પેન્ટ, શર્ટ અને ટાઈ પહેરીને શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી. શિક્ષકગણ દ્વારા બાળકોને તેની તાલીમ પણ આપવામાં આવી હતી. વારાફરથી બધા જ બાળકોએ મૌખિક કાર્ય દ્વારા તેમના વર્ગના અન્ય બાળકોને શિક્ષણ આપ્યું હતું. શિક્ષિકાઓએ બાળકોને શિક્ષક દિન અને શિક્ષકોનું મહત્વ સમજાવ્યું હતું. બાળકો પણ એક દિવસ માટે શિક્ષક બનીને ખુશખુશાલ બની ગયા હતા.

# એસ જી સ્કૂલનાં બાળકો શાક માર્કેટની મુલાકાતે



ગાંધીનગરની એસ જી પ્રાથમિક શાળાનાં ધો- ૪નાં બાળકોએ શાક માર્કેટની મુલાકાત લીધી હતી. ધો- ૪ એ.બી.સી.ડી.ઈ. એમ બધાજ વર્ગના વિદ્યાર્થીઓએ સેક્ટર- ૨૧માં આવેલા શાકમાર્કેટની મુલાકાત લીધી હતી. બાળકોએ શાક માર્કેટનાં વિવિધ કાર્યો વિશે વિગતે માહિતી મેળવી હતી. આ મુલાકાતમાં બાળકો સાથે શાળાના શિક્ષકો પણ જોડાયા હતા.

# રોટરી ક્લબ ઓફ કેપિટલની યુવા પાંખ રોટરેક્ટ ક્લબનાં ચાર્ટર પ્રેસિડન્ટ જય રાણા




ગાંધીનગર

રોટરી ક્લબ એ સેવા, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રના સામાજિક કાર્યોમાં અગ્રેસર સેવાવ્રતી વૈશ્વિક સંસ્થા છે. રોટરી ક્લબની યુવા પાંખ એટલે રોટરેક્ટ ક્લબ. રોટરેક્ટ ક્લબમાં ૧૮ થી ૩૦ વર્ષની વયનાં યુવક-યુવતિઓ સભ્ય બની શકે છે.

ગાંધીનગરમાં ૨૦૦૫થી કાર્યરત રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે શ્રી બી. કે. ચાવડાનાં પ્રમુખપદે એક ઐતિહાસિ કાર્ય સંપન્ન થયું છે. આ વર્ષે ગાંધીનગરમાં રોટરેક્ટ ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરની સ્થાપના ગત તા. ૨૯-૮-૨૦૧૭નાં રોજ કરવામાં આવી હતી. ૨૫ યુવા સભ્યોનવ રોટરેક્ટર બની એક આંતરરાષ્ટ્રીય અને ગૌરવવંતી સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકાયેલી ક્લબનાં સભ્યપદ મેળવ્યાનો આનંદ ઉડીને આંખે વળગે તેમ દેખાતો હતો. રોટરેક્ટ ક્લબનાં ચાર્ટર પ્રમુખ બનવાનું સૌભાગ્ય શ્રી જય રાણાને પ્રાપ્ત થયું હતું. જ્યારે ચાર્ટર સેક્રેટરી તરીકે શ્રી મહર્ષિ દવેએ શપથ લીધા હતા. પ્રેસિડન્ટ ઈલેક્ટ તરીકે શ્રી ધર્મેન્દ્રસિંહ ચાવડા, જોઈન્ટ સેક્રેટરી તરીકે શ્રી હેમીલ પ્રજાપતિ, ટ્રેઝરર તરીકે શ્રી પૂજન જોષી, વાઈસ પ્રેસિડન્ટ તરીકે શ્રી યશ બ્રહ્મભટ્ટ, બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં ક્લબ સર્વિસમાં શ્રી ચાર્વાક ગુમાની, કોમ્યુનિટી સર્વિસમાં શ્રી હેમલ પટેલ, પ્રોફેશનલ ડેવલપમેન્ટમાં શ્રી શ્યામ નાયર અને ફાઈનાન્સમાં શ્રી પરીક્ષિત દવેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગરનાં મેયર શ્રી પ્રવીણભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરનાં ડેપ્યુટી મ્યુનિસીપલ કમિશ્નર શ્રી જે. બી. બારૈયા અને આસીસ્ટન્ટ ગવર્નર શ્રી દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે ખાસ ઉપસ્થિત રહી રોટરી ક્લબની પ્રવૃત્તિઓની પ્રસંશા કરી યુવા ટીમ તૈયાર કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ઈન્સ્ટોલેશન ઓફીસર રોટરેક્ટ ચેરપર્સન શ્રીમતી અંજલીબહેન ભટ્ટે શપથવિધિ સંપન્ન કરાવી રોટરેક્ટ ક્લબની કામગીરી વિશે વિસ્તૃત સમજ આપી હતી. રોટરેક્ટ ક્લબ સ્થાપનાનાં કો-ઓર્ડીનેટર અને પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણા, ચાર્ટર પ્રેસિડન્ટ શ્રી જગતભાઈ કારાણી, સિનીયર રોટે. શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર, પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, પદાધિકારીઓ પાર્થભાઈ ઠક્કર, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ સહિત અનેક સભ્યો, રોટરેક્ટર ક્લબનાં નવા મેમ્બર્સ અને તેમના પરિવારજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મંચ સંચાલન પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહ અને સુશ્રી જયશ્રીબહેન ખેતીયાએ કર્યુ હતું.

# એમફિલ-પીએચડી એન્ટ્રન્સનાં પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૩૦મીએ લેવાયેલી બહુચર્ચિત અને વિવાદાસ્પદ પીએચડી અને એમ.ફીલ એન્ટ્રન્સ ટેસ્ટનું પરિણામ જાહેર કરી દેવાયુ છે. જેમાં એમ.ફીલમા ૬૮૯માંથી ૪૪૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આજ રીતે પીએચડીમાં ૧૩૬૨ વિદ્યાર્થીઓમાંથી ૪૬૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ, આન્સર કી મુક્યા બાદ આજે યુનિવર્સિટીએ પરિણામ પણ જાહેર કરી દીધું હતું. બીજીબાજુ વિદ્યાર્થી સંગઠનો દ્વારા હજુ આ પરીક્ષાને લઈને વિવાદ ચાલી રહ્યો છે. કુલ આઠ જેટલા વિદ્યાર્થીઓના પરિણામ પેન્ડિંગ રાખવામાં આવ્યા છે.

એમ.ફીલ.ની એન્ટ્રન્સ ટેસ્ટમાં કુલ ૬૮૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જે પૈકી ૪૪૬ પાસ થયા હતા. જયારે ૧૧ વિદ્યાર્થીઓ એવા હતા કે જેઓએ કોઈને કોઈ ફેલોશીપ અથવા તો સ્કોલરશીપ ધરાવતાં હોવાથી તેમને એન્ટ્રન્સ ટેસ્ટમાંથી મુક્તિ આપવામાં આવી હતી. આમ, એમ.ફીલમાં કુલ ૪૫૭ વિદ્યાર્થીઓને પાસ જાહેર કરાયા છે. આ વિદ્યાર્થીઓ હવે ગ્રૂપ ડીસ્કશન અને પર્સનલ ઈન્ટરવ્યૂ માટે જશે. આ જ રીતે પીએચડીમાં કુલ ૧૩૬૨ વિદ્યાર્થીઓ એન્ટ્રન્સ ટેસ્ટ આપી હતી. જે પૈકી ૪૬૮ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા હતા. જયારે ૩૩૫ વિદ્યાર્થીઓને પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી હતી.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે પીએચડીમાં કુલ ૮૦૩ વિદ્યાર્થીઓને ગ્રૂપ ડિસ્કશન અને પર્સનલ ઈન્ટરવ્યૂ માટે મંજૂરી આપવામાં આવી છે. જયારે વિવાદાસ્પદ એવા આઠ વિદ્યાર્થીઓના પરિણામો પેન્ડિંગ રાખવામાં આવ્યા છે.

# વિધાનસભા પેન્શનર્સ સમાજનો વાર્ષિક કાર્યક્રમ યોજાયો










ગાંધીનગર, તા. ૧

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનો વાર્ષિક કાર્યક્રમ તાજેતરમાં શ્રી બ્રાહ્મણી કૃપા હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ કુ. રિયા નિમાવત દ્વારા સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગત એક વર્ષ દરમિયાન સદગતિ પામેલાં પરિવારનાં સભ્યોને સૌ પરિવારજનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આવકાર પ્રવચન સંસ્થાના માનદ મંત્રી બી ડી શાહ દ્વારા અને પ્રાસંગિક ઉદબોધન પ્રમુખ ઍન જે નિમાવત દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પરિવારજનોનાં બાળકો દ્વારા ગીત, ડાન્સ, અભિનય જેવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. મૌનષ ઍમ પંડ્યા, ડિયા બ્રિજેશભાઈ લેઉવા, તીર્થ દિલીપભાઈ પટેલ, દિવ્ય નરેશભાઈ ગોસ્વામી, ડિન્કલ કિરીટભાઈ લેઉવા, પર્વ કુંતલ નિમાવત અને રિયા કશ્યપ નિમાવત દ્વારા આ કૃતિઓની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. પેન્શનર સમાજના સિનિયર સિટિઝન ઍમ યુ કાગદી અને આર ઍમ પટેલનું આ પ્રસંગે શાલ અને સન્માનપત્રના માધ્યમથી સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૭ની વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા તેજસ્વી તારલાઓનું સન્માન ત્યારબાદ સંસ્થાના હોદ્દેદારોના હસ્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઈનામ સ્વરૂપે ભેટ અને પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે આભારવિધિ ઍમ કે સિનોલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખેલ મહાકુંભમાં આર. એન. પટેલ પ્રાથમિક શાળાનાં બાળકો ઝળક્યાં

ગાંધીનગર, તા. ૧

શાળાકીય ખેલ મહાકુંભમાં સે.-૨૩ની આર.એન. પટેલ પ્રાથમિક શાળાના બાળકો ઝળક્યા હતા. આ બાળકોએ અન્ડર-૯ થી અન્ડર-૧૪ની કેટેગરીમાં લાંબીકૂદ, સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ, દોડ, ગોળાફેંક, ચક્રફેંક તથા ચેસ જેવી વિવિધ રમતોમાં પ્રથમ અને દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કર્યા હતા.

આ પ્રસંગે બાળકોને ખેલમહાકુંભના પ્રમાણપત્રો અર્પણ કરવા સાથે શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ તથા વ્યાયામ શિક્ષકોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ડેઈલી કરંટ




(૧) કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસસી)ના અધ્યક્ષપદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે ?
(એ) રાજીવ અરોરા
(બી) અનિતા કરવાલ
(સી) વિજય સિંઘ
(ડી) રાજીવ ગુપ્તા

(૨) તાજેતરમાં કેન્દ્ર સરકારે કેન્દ્રમાં નાણા વિભાગમાં સચિવપદે કોની નિયુક્તિ કરી છે ?
(એ) રાજીવ ગોબા (બી) સંજય કુમાર
(સી) રવીશકુમાર (ડી) હરિશ સિંઘ

(૩) ૨૦૧૭ ઑગષ્ટ માસમાં સ્વિટ્ઝર્લેન્ડના કયા રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવ્યા છે ?
(એ) એન્જેલા માર્કેલ (બી) ડોરિસ ઉથમી
(સી) ડોરિસ ઉથકી (ડી) ડોરિસ લિઉથર્ડ

(૪) વિશ્વના કયા દેશે કેન્સર સામે લડવા માટે પ્રથમ જીન થૅરેપીને મંજૂરી આપી દીધી છે ?
(એ) જાપાન (બી) અમેરિકા
(સી) બ્રિટન (ડી) ચીન

(૫) તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળમાંથી કેટલા મંત્રીઓએ રાજીનામાં આપી દીધાં છે ?
(એ) ૨ (બી) ૩
(સી) ૪ (ડી) ૫

(૬) ૨૦૧૭માં કયા રાજ્યએ ઈ-કચરાના નિકાલ માટે અભિયાન શરૂ કર્યું છે ?
(એ) ગુજરાત (બી) કેરલ
(સી) ગોવા (ડી) આંધ્રપ્રદેશ

(૭) ભારતીય સેનામાં નવા ૬૫ સુધારા લાગુ કરાવવા માટે રક્ષા મંત્રાલયે કઈ સમિતિની ભલામણો સ્વીકારવા નિર્ણય કર્યો છે?
(એ) લે.જ. ડીબી રોકટકર (બી) લે.જ. કે કે ચૌહાણ
(સી) કર્ન વર્ધન (ડી) જ. વિકાસ દહિયા

(૮) ૨૦૧૭માં કઈ પ્રજાતિ (ઑલાદ)ની ગાયના વિકાસ માટે ભારત અને બ્રાઝિલ વચ્ચે કરાર કરવામાં આવ્યા છે ?
(એ) મનસા કૈટલ (બી) યુરેન કૈટલ
(સી) બીટલ કૈટલ (ડી) જેબુ કૈટલ

(૯) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે સેનાના કયા એરપોર્ટને યાત્રા વિમાન માટે ખુલ્લું મૂકવા મંજૂરી આપી દીધી છે ?
(એ) શિમલા (બી) હિંડન
(સી) જૉલી ગ્રાન્ટ (ડી) ચંબાલી

(૧૦) ૨૦૧૭માં આયોજિત વર્લ્ડ પોલીસ ગેમ્સમાં ભારતે કુલ કેટલા પદક જીત્યા હતા ?
(એ) ૩૦૦ (બી) ૩૨૧ (સી) ૪૨૧ (ડી) ૨૨૧

# વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સાર્વજનિક ગણેશોત્સવનું સમાપન







ગાંધીનગર, તા. ૧

સતત ૪૮મા વર્ષે શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ, સે. ૨૨માં છઠ્ઠા દિવસે પ્રેરણા વિદ્યાલય, અંધશાળા સે. ૧૬ અને આકાશ ડાન્સ એકેડમી, અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના બાળકો દ્વારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં લગભગ ૨૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ બાળકોએ ગણેશ વંદના, પ્રાચીન ગરબો, સિંગિગ, તબલા, બોલીવુડ ડાન્સ જેવા એકથી એક ચડિયાતા કાર્યક્રમો રજુ કર્યા હતા. અંધશાળાના બાળકોએ ગરબા રજુ કર્યા એ નજારો અદ્‌ભૂત હતો. આકાશ એકેડમીના નાના નાના ભૂલકાઓએ ડાન્સ દ્વારા તમામ લોકોનું મન મોહી લીધુ હતુ.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસની આગેવાનીમાં આ કાર્યક્રમનું સફળ આયોજન થયું હતું તેમજ આ કાર્યક્રમને દિપાવવા ભૂતપૂર્વ સચિવ અને સોમનાથ મંદિરના ટ્રસ્ટી પી.કે. લહેરી અને ગુજરાત રાજ્યના સચિવ જે.એન. સિંગ આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના ડીરેક્ટર કમલ કિશોર જૈન, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના આઈજી રાકેશ પાલ, શ્રદ્ધા લેબોરેટરીના મહેન્દ્ર ગજ્જર, કાઉન્સીલર કાર્તિક પટેલ અને નીતિન પટેલ તથા નાગરિક બેન્કના ડીરેક્ટર હિમાંશુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ચેતના બુચે કર્યુ હતુ તેમજ રાકેશ જાની, મુકેશ મારુ, અશ્વિન સુહાન અને મિતુલ જોશીએ કાર્યક્રમનો સફળ બનાવવામાં મુખ્ય યોગદાન આપ્યું હતું. કાર્યક્રમ બાદ સંસ્થાના તમામ સભ્યોએ અને બાળકોએ સાથે સ્વરૂચિ ભોજન લીધુ હતુ.

## વાજતે ગાજતે વિસર્જન યોજાયું

ગુરૂવારે બપોરે ૩ કલાકે શ્રી ગણેશજી ભગવાનની પૂજા આરતી કરી સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ, અરૂણભાઈ બુચ, ડૉ. ચેતના બુચ, દિલીપભાઈ ત્રિવેદી, રાકેશ જાની, મિતુલ જોશી, હિરેન શાસ્ત્રી, મુકેશ મારુ, અને સમિતીના અન્ય સભ્યો દ્વારા વાજતે ગાજતે ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું અને એક અનોખુ ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.